# જિયાનો જન્મદિવસ

– સાંકળચંદ પટેલ

‘‘દાદા, બહાર આવો !’’

‘‘કોણ છે ? ’’ દાદા બહાર આવતાં–આવતાં બોલતા હતા : ‘‘અરે ! તું છે જિયા ?’’

‘‘હા, દાદા ! હું જિયા !’’ દાદીની સાથે આવેલી જિયા કહી રહી હતી : મારો જન્મદિવસ છે, દાદા. મને ચાર વર્ષ પૂરાં થયાં.’’

કહીને જિયાએ ફ્લેટના પાડોશી દાદાને ચાર ચોકલેટ આપી.

દાદાએ જિયાને તેડી લીધી ને બુચકારો કરીને કહ્યું : ‘‘જિયા, જીઓ તુમ હજારો સાલ, કભી બાંકા ન હો તુમ્હારા બાલ !’’

‘‘થેંક્યુ દાદા !’’ કહીને તે બીજે ઘેર ગઈ.

પહેલે માળે દિયા રહેતી હતી, બીજે માળે પિયા રહેતી હતી અને ત્રીજે માળે રિયા રહેતી હતી. એ બધી જિયાની બહેનપણીઓ હતી. એમનું ઘર આવતાં તેઓ જિયાની સાથે જોડાઈ ગઈ હતી અને સાથે–સાથે ફરી રહી હતી.

હવે એક જ ઘર બાકી રહ્યું હતું – નીચે ભોંયતળિયે સિયાની ઓરડી. સિયાના પપ્પા ફ્લેટના ચોકીદાર હતા.



બધી સહેલીઓ નીચે આવી. સિયાની મમ્મી ઓસરીમાં બેસીને શાક સમારી રહી હતી. સિયા એ જોઈ રહી હતી. દિયા બોલી : ''માસી, જય જય !''

''જય જય!'' કહીને સિયાની મમ્મી ઊભી થઈ ગઈ. સિયા પણ ઊભી થઈ હતી.

''માસી, જિયાનો જન્મદિવસ છે. એને ચાર વર્ષ પૂરાં થઈ ગયાં. એની ચોકલેટો આપવા આવ્યા છીએ.'' દિયાએ કહ્યું, ''લે શિયા !'' જિયાએ સિયાની પાસે જઈને કહ્યું, સિયા મોઢું ચડાવીને બોલી : ''મારે નથી લેવી !''

''કેમ નથી લેવી, મારી કટ્ટી કરી છે ?'' જિયાએ કહ્યું.

''ના , તારી નહીં, મમ્મી–પપ્પાની કટ્ટી કરી છે.'' સિયાએ કહ્યું.

''કેમ, એમણે તને મારી છે ?''

''ના, મારી નથી પણ મારો એકેય જન્મદિવસ ઊજવ્યો નથી. મને છ વરસ થયાં.'' નીચું જોઈને સિયા બોલતી હતી.

સિયાની મમ્મીએ વહાલથી કહ્યું : ''ચાલ, આ વખતે તારો જન્મદિવસ ઊજવીશું, બસ ! હવે ચોકલેટો લઈ લે.

દિયાએ પૂછ્યું : ''માસી, સિયાનો જન્મદિવસ ક્યારે આવે છે ?''

''આવતા મહિનાની પહેલી તારીખે.''

પાછા વળતાં બધી સખીઓએ વિચાર કર્યો : ''આ વખતે સિયાનો જન્મદિવસ આપણે ઊજવીશું.''

જિયાએ કહ્યું : ''હું મારા પપ્પાને વાત કરીશ.''

''અમે પણ કરીશું.'' સખીઓએ કહ્યું.

રજાને દિવસે જિયાએ પપ્પાને પૂછ્યું : પપ્પા, મારો જન્મદિવસ ઉજવાય છે, તો ચોકીદારની સિયાનો જન્મદિવસના ઉજવાય ?''

''ઉજવાય ને !''

''પણ એ તો છ વર્ષની થઈ, તો પણ એનો એકેય જન્મદિવસ ઉજવાયો નથી. એવું કેમ ?''

પપ્પાએ સમજાવ્યું : ''બેટા, એ લોકો ગરીબ છે. એમની પાસે જન્મદિવસ ઉજવાય એટલા પૈસા નહોય, એટલે જન્મદિવસ ન ઊજવે. પણ આ વખતે આપણે એનો જન્મદિવસ ઊજવીશું, બસ !ક્યારે છે એનો જન્મદિવસ ?''

''આવતી પહેલી તારીખે.''

પપ્પાએ કહ્યું : ''પહેલી તારીખ પાકકી. આગળના દિવસે તું સિયાને લઈને ફ્લેટનાં બધાં બાળકોને આમંત્રણં આપી આવજે.''

પહેલી તારીખ આવી ગઈ.

સિયાનું ઘર તોરણોથી શણગાર્યું છે. ઢોલવાજાં વાગે છે. સિયા નવાં કપડાં પહેરીને તૈયાર થઈ છે. ટેબલ પર કેક સજાવીને મૂકી છે. છ મીણબત્તીઓ પણ તૈયાર છે.

ફ્લેટનાં બધાં બાળકો આવી ગયાં છે. થોડા મોટા પણ આવ્યા છે. જિયાની સાથે દિયા, પિયા અને રિયા પણ છે. તેઓ સિયાને કેક કાપવાની વિધિ સમજાવી રહ્યા છે. બધા ઉત્સુક છે.

ત્યાં સિયા કેકના ટેબલ પાસે આવી. ફૂંક મારીને છ મીણબત્તીઓ વારાફરતી બૂઝાવી. છરી લઈને કેક કાપી અને....

બાળકોએ ગીત ઉપાડ્યું :

''હેપી બર્થડે ટુ યુ !

સિયા, સિયા, ટુ યુ !

હેપી બર્થડે ટુ યુ !''

પાંચેય સહેલીઓની સાથે અન્ય બાળકો પણ આનંદથી ઝૂમી રહ્યાં હતાં અને સિયાની નાની ઓરડી મોટા ઉલ્લાસથી ઊભરાઈ રહી હતી.

■